જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૫૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૪ | ૦ | ૧૦૬૭૪ | ૧૬૮૦૪ | ૦ | ૧૬૮૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૯૩૯ | ૨૭ | ૧૪૯૬૬ | ૧૫૭૩૭ | ૨૯ | ૧૫૭૬૬ |
| | કુલ | ૩૦૦૦૭ | ૨૭ | ૩૦૦૩૪ | ૩૮૬૨૦ | ૨૯ | ૩૮૬૪૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૮ | ૧૨,૩૮,૧૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૯૩ | ૧૨,૯૩,000/- |

# ગુમ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-

## ભોગ બનનારને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા.શ્રી ‘એલ’ ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય તેમજ હાલમાં માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ દ્વારા ગુમ/અપહરણ થનાર બાળકોને શોધી કાઢવા સારૂ ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જેમાં વધુમાં વધુ બાળકો શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૧૫૮/૨૦૨૦ ઇ.પી.કો. ૩૬૩ મુજબના કામે એક ૧૭ વર્ષની કિશોરી તા.૧૨/૧૦/૨૦૨૦ના સવાર કલાક ૦૬/૦૦ વાગે તેના ઘરેથી ચાલવાનુ કહીને ક્યાંક જતી રહેલ હોય અથવા તો તેને કોઇ અજાણ્યો ઇસમ ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઇ ગયેલ હોય જે ભોગબનનારને શોધી કાઢવા સારૂ અલગ-અલગ ટીમો બનાવી જે ટીમોએ પોતાનુ ગુપ્ત બાતમીતંત્ર ઉભુ કરી ભોગબનનાર નાની રાજસ્થાન રાજ્યના માઉન્ટ આબુ ખાતે હોવાની હકીકત મળતાં એક ટીમ રાજસ્થાન ખાતે મોકલી આપતાં જ્યાં ભોગબનનાર નાની માઉન્ટ આબુ ખાતેથી મળી આવેલ જે ભોગબનનારને શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે

### કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર આર.એલ.ખરાડી
(૨) હેડ કોન્સ. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં.૩૪૫૦
(૩) હેડ કોન્સ. નિખીલેશ દિપકકુમાર બ.નં. ૮૫૩૯
(૪) હેડ કોન્સ. સુરેન્દ્રસિંહ કાળૂસિંહ બ.નં.૭૦૦૩
(૫) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮
(૬) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭
(૭) પો.કોન્સ. ધર્મેન્દ્રકુમાર નવઘણજી બ.નં.૧૦૦૪૪
(૮) વુમન લોકરક્ષક શીતલબેન વિનોદકુમાર બ.નં.૧૧૦૨૦

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનઃ-

### મોબાઇલ સ્નેચીંગના ગુન્હા કરતા આરોપીને પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબતથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.રવિન્દ્ર પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારૂ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજાગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પો.સ.ઈ કે.કે.ચૌધરી સાહેબ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે આજરોજ તા-૧૩/૧૦/૨૦૨૦ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના લોકરક્ષક ભાવેશભાઈ અમૃતભાઈ બ.ન-૧૪૯૨ નાઓની ચોક્કસ ખાનગી બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૦૧૦૫૨/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબના ગુનાના કામના આરોપીને પકડીપાડી આરોપી પાસેથી બે મો.ફોન રીકવર કરેલ જેમા એક અત્રેના પોલીસ સ્ટેશનના ફરીયાદીશ્રીનો હોય તથા આરોપી પાસેથી મળી આવેલ બીજો મો.ફોન રેડમી કંપનીનો હોય જે મો.ફોનની પોકેટકોપ અંતર્ગત એસ.ડી.આર ની માહીતી મેળવી નવરંગપુરા પોલીસ સ્ટેશનનો પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૬૨૦૦૭૨૪/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૮૦મુજબનો તથા અત્રેના પોલીસ સ્ટેશનનો ઉપર મુજબનો એમ બે ગુન્હા શોધી કાઢી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

#### કબ્જે કરેલ મુદ્દામાલ

બે મોબાઇલ ફોન (૧) સેમસંગ કંપનીનો કાળા કલરનો જે-૭ મોડલનો ડબલ સીમવાળો જેનો આઈ.એમ.ઈ.આઈ નં-૩૫૨૦૯૩૦૯૦૭૬૨૨૯૪ તથા-૩૫૨૦૯૩૦૯૦૭૬૨૨૯૨ નો છે જેની હાલની કિ.રૂ-૬૦૦૦/-ગણી શકાય તે તથા (૨) એક રેડમી એમ.આઈ.કંપનીનો બ્લ્યુ કલરનો જેનો આઈ.એમ.ઈ.આઈ નં-૮૬૬૫૯૮૦૪૨૫૧૬૧૧૮ તથા ૮૬૬૫૯૮૦૪૨૫૧૬૧૨૬ નો છે જેની હાલની કિ.રૂ-૫૦૦૦/- ગણી શકાય જે સદર બન્ને મો.ફોનની કિ.રૂ-૧૧,૦૦૦/-ની ગણી શકાય તે

#### શોધાયેલ ગુન્હાઓ-

(૧)-ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૦૧૦૫૨/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબ (૨) નવરંગપુરા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૬૨૦૦૭૨૪/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૮૦ મુજબ

## કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ

(૧) પો.સબ.ઈન્સ કે.કે.ચૌધરી (૨) પો.કો સહદેવસિંહ ભુપતસિંહ બ.ન-૧૦૨૨૮(૩)પો.કો પ્રવિણભાઈ છગનભાઈ બ.ન-૯૯૧૨ (૪) લોકરક્ષક ભાવેશભાઈ અમ્રુતભાઈ બ.ન-૧૪૯૨ (૫) લોકરક્ષક પ્રવિણભાઈ કનુભાઈ બ.ન.-૧૨૩૩૩(૬) અ.લો.ર.સાગરભાઇ શિવાભાઇ બ.નં.૧૨૮૧૬

## આરોપીનુ નામ-

સૈયદ અશફાક ઉર્ફે રાજા સ/ઓ નિઝામુદીન ઉ.વ-૧૯ ધંધો-નોકરી રહે-સી/૧૧, ગુપ્તાનગર ચાર માળિયા ટી.વી.-૯ ની પાસે વેજલપુર અમદાવાદ શહેર તથા બી/૨૩ ખ્વજા ગરીબ નવાજ સોસાયટી ગુપ્તાનગર વાસણા અમદાવાદ શહેર



# પાસાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ-

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે હરેન્દ્રસિંહ ઉર્ફે છોટુ સ/ઓ પોપસિંગ ઉર્ફે પપ્પુ જાતે પરીહાર ઉ.વ.૨૫ રહે. નર્મદાબેનની ચાલી, હીમગીરી સ્કુલ પાછળ, રોહીદાસ ચાર રસ્તા, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં..૧૦/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-A-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૨૨૮/૨૦ ઈપીકો કલમ ૪૫૨,૪૩૬, ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૩૦૫૨/૧૮ ઈ.પી.કો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૩૦૫૪/૧૮ ઈ.પી.કો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૫) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૮/૧૮ ઈ.પી.કો કલમ ૪૩૬, ૪૨૭, ૧૧૪ મુજબ ના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૫૭ /૨૦૨૦ તા.૧૩/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "જીલ્લા જેલ-જામનગર" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૧૩/૧૦/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-જામનગર" ખાતે મોકલી આપેલ છે.તા.૧૩/૧૦/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) મ.સ.ઈ.આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

પાસા અટકાયતી



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૫૨ લીટર દેશી દારૂ અને ૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૬૦/૨૦૨૦

**સાબરમતીઃ** સત્યેન્દ્ર લક્ષ્મીકાંત શર્મા (ઉ.વ.૫૧) (રહે. શુભ સોનલ સોસાયટી આઇ.ઓ.સી રોડ ડી-કેબીન સાબરમતી) એ તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૦ સાજના ૫/૩૦ થી તા.૦૮/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૭૨૫૯૦૨૯૬૭ ના ધારકે સત્યેન્દ્ર શર્માના મોબાઇલ ફોન ઉપર ફોન કરી માહીતી મેળવી લઈ ઇન્ટરનેટ માધ્યમથી ચાંદખેડા આઇ.ઓ.સી.રોડ બ્રાંચની એક્ષીસ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૫/- ટ્રાન્જેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** મનોજકુમાર દલછારામ પટેલ (ઉ.વ.૫૦) (રહે. સ્મૃતિ દર્શન સોસાયટી સ્મૃતિ મંદિર પાસે ઘોડાસર ઇસનપુર) એ તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૬૨૯૪૧૯૧૦૦૫ ના ધારકે મનોજકુમાર પટેલના મોબાઇલ ફોન ઉપર ફોન કરી પોતાનુ નામ રાહુલ જણાવી પે-ટીએમનુ કે.વાય.સી અપડેટ કરવાનુ જણાવી એનીડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઇન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૧,૭૬,૧૫૫/- ટ્રાન્જેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૬૧/૨૦૨૦

**વાડજઃ** શિવસિંગ અનુપસિંગ સિસોદીયા (રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ વિભાગ-૨ વ્યાસવાડી નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૦ કલાક ૪/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વિંટી કિમત રૂપિયા ૧૮,૦૦૦/-, ચાંદીની લક્કી કિમત રૂપિયા ૨૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૨/૨૦૨૦**

**નિકોલઃ** હાર્દિકભાઇ શાંતિભાઇ પટેલ (રહે. કલ્હાર બંગ્લોઝ ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન નિકોલ કસ્તુરી બીઝનેશ હબ એસ.પી.રીંગ રોડ સર્વિસ રોડ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- અને પરચુરણ કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૩/૨૦૨૦**

**સરદારનગરઃ** અનાયતાબહેન ડો/ઓ કૈકેશભાઇ ઘાંસી (ઉ.વ.૧૮) (રહે. નવખોલી છારાનગર કુબેરનગર સરદારનગર) તા.૧૩/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે દેવલાલી બજાર મન મંદિર દુકાનની નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ અનાયતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૭૨૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અનાયતાબહેન ઘાંચીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**શાહીબાગઃ** રમેશભાઈ શિવલાલ શાહ (ઉ.વ.૫૦) (રહે. મણિભદ્ર એન્ક્લીવ રાજસ્થાન હોસ્પિટલ સામે શાહીબાગ) તા.૧૩/૧૦/૨૦૨૦ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે શાહી કુટિરથી ઈલાઈટ સોસાયટીની વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના) ભેગામળી રમેશભાઈ શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમેશભાઈ શાહે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૪/૨૦૨૦**

**વેજલપુરઃ** ફેજાન સ/ઓ યાશીનભાઇ અજમેરી (ઉ.વ.૨૨) (રહે. “એ” વોર્ડ સંકલીતનગર મુસ્તુફા મસ્જીદ પાસે જુહાપુરા) તા.૧૩/૧૦/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે રોયલ અકબર ટાવરના બેઝમેન્ટમાં “શેપપ” જીમમાં કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશકુમાર સ્વરૂપસિહ ચલાવે છે.

**નવમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૫/૨૦૨૦**

**ચાંદખેડાઃ** ચાંદખેડા નિગમનગર પોલીસ સ્ટાફ ક્વાટરની નવી બનતી સાઈટ ઉપર રહેતા અને ત્યા જ કામ કરતા સંજયકુમાર લીલાભાઈ (ઉ.વ.૧૮) તા.૧૩/૧૦/૨૦૨૦ સાજના ૫/૧૫ વાગ્યાના સુમારે સાઈટના નવમાં માળે કામ કરતા હતા ત્યારે નવમાં માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એપોલો હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી